| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૯/૦૩/૨૦૨૫ |
| રજીસ્ટર તારીખ | ૧૯/૦૩/૨૦૨૫ |
| ફેસલ તારીખ | ૩૦/૦૬/૨૦૨૬ |
| સમય ગાળો | વર્ષ માસ દીવસ. |
| | ૦૧ ૦૩ ૧૧ |

================================================

**ભાવનગરના મહેરબાન છઠ્ઠા એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ,મુ.ભાવનગર.**

================================================

**ફો<u>દારી કેસ નંબર ૩૨૭૮/૨૦૨૫</u>**

આંક:–

**માસ ફાયનાન્સીયલ સર્વીસીસ લી.**

**વતી ઓથોરાઇઝ પર્સન**

**અવની એમ.મકવાણા,**

**ઉ.વ.૨૬, ધંધો નોકરી,**

**FF-6 PATANI PALAZA**

**ABOVE PATNNJALI STORE**

**DEVUBAUG4**

**BHAVNAGAR** **:: ફરીયાદી**

**વિરૂધ્ધ**

**ATIK JELUN SHEKH,**

**NESADI MOHALLA 29;**

**JAFRABAD,**

**AMERELI,**

**JAFRABAD** **::આરોપી.**

**બાબત:–ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમઝ એકટ–૨૦૦૭ ની કલમ–૨૫ મુજબની ફરીયાદ.**

---

**ફરિયાદી તરફે વિ.વ.શ્રી એસ.એસ.ભટ્ટ**

**આરોપી તરફે વિ.વ.શ્રી ઈર્શાદ એમ.શેખ.**

**-: જજમેન્ટ :-**

(૧) આ કામના ફરીયાદીની ફરીયાદની ટુકમાં હકીકત એવી છે કે,કંપની ધી કંપનીઝ એકટ-૧૯૫૬ હેઠળ નોંધાયેલ કંપની છે તેમજ રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા ના કાયદા હેઠળ એન.બી.એફ.સી.તરીકે નોંધાયેલ છે. ફરીયાદી કંપનીએ ફરીયાદ દાખલ કરવા માટે ફરીયાદી ને સત્તા અને અધિકાર આપેલ છે.

(૨) વધુમાં ફરીયાદીએ જણાવેલ છે કે, આ કામના આરોપીને NEW VIHICLE લોન ની જરુરીયાત હોઈ ફરીયાદી કંપનીમાથી રુ.૬૨,૫૬૮/-ના ધીરાણ/નાણાકીય સુવિધાની માંગણી કરેલ હતી અને તે માટે આરોપીએ ફરીયાદી કંપનીને જુદી જુદી શરતો અને નિયમોને અનુસરવાની બાહેધરી રુપે લોન એગ્રીમેન્ટ તથા અન્ય જરુરી ડોકયુમેન્ટ સંપુર્ણ વાંચી,સમજીને સહીઓ કરી આપેલ જેથી ફરીયાદી કંપનીએ આરોપીની માંગણી મુજબ ધીરાણ/નાણાકીય સુવિધા પુરી પાડેલ છે જે ધીરાણ/નાણાકીય સુવિધાને ફરીયાદી કંપનીમા લોન એકાઉન્ટ નંબર ૫૭૬૬૧૩૨ થી મેઈન્ટેન કરવામાં આવેલ છે.

(૩) વધુમા ફરીયાદીએ જણાવેલ છે કે, ઉપરોકત ધીરાણ/નાણાકીય સુવિધાની શરતો અને નિયમો મુજબ આ કામના આરોપીએ ફરીયાદી કંપનીને ઉપરોકત ધીરાણ/નાણાકીય સુવિધા વ્યાજ સાથેના તથા બીજા અન્ય ખર્ચાઓ સાથે પુર્ણ કરવા સંમત થયેલા અને આરોપીએ લોન એકાઉન્ટની બાકી રહેતી રકમ/મહત્તમ રકમ ચુકતે કરવા માટે એન.એ.સી.એચ.નો વિકલ્પ પસંદ કરેલ અને તેના સંદર્ભમા આરોપીએ તા.૩૧-૦૧-૨૦૨૪ ના રોજ એક એન.એ.સી.એચ.નુ ફોર્મ ATIK JELUN SHEKH તરીકે સહી કરીને આપેલ જેમાં મહત્તમ રકમ રુ.૧,૦૦,૦૦૦/-દર્શાવવામા આવેલ છે તે મુજબ લોન/ધીરાણના વ્યવહારના સબંધમા આરોપીએ તેમનો બેન્ક એકાઉન્ટ નંબર ૩૧૯૨૫૮૪૨૫૪૦ ફરીયાદી કંપનીને આપેલ અને તે મુજબ સદર

રકમ ફરીયાદી કંપનીના ખાતામાં જમા કરવાનું નકકી થયેલ. આમ, આરોપીએ ફરીયાદી કંપનીને આશ્વાસન આપેલ કે, તેઓ પોતાના ખાતામા પુરતુ ભંડોળ નીભાવશે અને સદરહુ ઉપરોકત જણાવેલ લોનની ચુકવવાની રહેતી બાકી રકમ/મહત્તમ રકમ ફરીયાદી કંપનીના ખાતામા જમા કરવા માટેની સુચના આરોપીએ તેમની બેન્કને આપેલ હતી.

(૪) વધુમા ફરીયાદીએ જણાવેલ છે કે, આ કામના આરોપીએ લોનની કાયદેસરની રકમ રુ.૮૬,૫૫૬/– ફરીયાદી કંપનીને ચુકવવાની થતી હતી જે આરોપીની સુચનાથી નેશનલ ઓટોમેટેડ કલીયરીંગ હાઉસ(એન.એ.સી.એચ) મારફત તા.૨૮–૦૧–૨૦૨૫ ના રોજ સદર સીસ્ટમથી ફરીયાદી કંપનીના એચ.ડી.એફ.સી.ના એકાઉન્ટમાં જમાં કરાવતા તે તારીખ ૨૮–૦૧–૨૦૨૫ ના રોજ ''બેલેન્સ ઈનસફીશીયન્ટ'' ના શેરાથી પરત આવેલ જે બાબતની સુચના ફરીયાદી કંપનીને ટ્રાન્જેકશન નંબર–૩૮૪૮૧૯૭૭૮૯ થી તા.૨૮–૦૧–૨૦૨૫ ના રોજ એચ.ડી.એફ.સી.બેન્ક મારફત મળેલ છે.ઉપરોકત સીસ્ટમથી ફંડ ટ્રાન્સફર પરત આવતા ફરીયાદી કંપની એ નિયત સમય મર્યાદામા એક ડીમાન્ડ નોટીસ રજી.એડી.પોસ્ટ મારફતે તા.૧૦–૦૨–૨૦૨૫ ના રોજ આરોપીને ફરીયાદમા જણાવેલ સરનામા ઉપર આપેલી જે નોટીસ આરોપીના સરનામેથી તા.૧૪–૦૨–૨૦૨૫ ના રોજ UNSERVED,(ADDRESSEE CANNOT BE LOCATED) ના શેરાથી પરત આવેલ છે.આમ, આરોપીને સમય મર્યાદામાં નોટીસ મોકલી દીધેલ છે અને નોટીસનુ કવર પરત આવ્યા બાદ સમય મર્યાદામા ફરીયાદ દાખલ કરેલ છે. આમ, આરોપીએ ફરીયાદી કંપનીને કાયદેસરની લેણી નીકળતી લોનની બાકી રકમ/મહત્તમ રકમ પેટે ફરીયાદી કંપનીની તરફેણમા કરાવી આપેલ નેશનલ ઓટોમેટેડ કલીયરંગ હાઉસ (એન.એ.સી.એચ.) પરત કરાવડાવી ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટ–૨૦૦૭ ની કલમ–૨૫ મુજબનું ગુનાહીત કૃત્ય કરેલ છે.ફરીયાદ સમયમર્યાદામા દાખલ કરેલ છે. જેથી ફરીયાદ તળે

દાદ માગેલ છે કે, (અ) આ કામના આરોપી સામે ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમઝ એકટ–૨૦૦૭ ની કલમ–૨૫ મુજબનો કેસ રજીસ્ટરે લઇ આરોપી સામે સમન્સ કાઢી આરોપીને પકડી મંગાવી આરોપી સામે કેસ ચલાવી, ગુનો સાબીત થયેથી યોગ્ય નસીયત કરવા તેમજ (બ) ઉપરોકત નેશનલ ઓટોમેટેડ કલીયરંગ હાઉસ (એન. એ.સી.એચ.)પરત આવવાથી ફરીયાદીને ઘણુંજ આર્થીક અને નાણાંકીય નુકશાન થયેલ છે.જેથી આરોપી પાસેથી ફરીયાદી કંપનીને નુકશાન વળતર પેટે ફરીયાદમા જણાવેલ રીટર્ન આવેલ એન.એ.સી.એચ.ના નાણાની બમણી રકમનુ વળતર ક્રિમીનલ પ્રોસીઝર કોડ ૧૯૭૩ ની કલમ–૩૫૭ મુજબ આરોપી પાસેથી અપાવવા તથા (ક) ફરીયાદને અનુરુપ દાદ અપાવવા અરજ કરેલ છે.

(૩) ઉપરોકત હકીકતો મુજબ ફરીયાદ દાખલ થતા મારા પુરોગામી વિ.ન્યાયાધીશશ્રી ધ્વારા ગુનાનું સંજ્ઞાન લઇને આંક–૧ તળે ફરીયાદ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનુ તેમજ ફોજદારી કાર્યરીતી સંહીતા ૧૯૭૩ ની કલમ–૨૦૪ મુજબ અધિનીયમની કલમ–૧૩૮ મુજબના ગુનાનો આરોપ વિરુધ્ધ સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલ હતો. આરોપીને સમન્સની બજવણી થતા તેઓ કોર્ટમાં હાજર થયેલા અને ફરીયાદની નકલ આરોપીને મળ્યાની ખાતરી કરી, ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૫૧ મુજબ મારા પુરોગામી વિ.જજશ્રીએ આંક–૦૯ થી આરોપીની પ્લી નોંધેલ. આરોપીએ ગુનાનો ઇન્કાર કરેલ છે અને ફરીયાદીની ઉલટ તપાસ કરવી છે તેમ જણાવેલ હોય કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ હતી.

(૪) ફરીયાદ પક્ષે તેઓના કેસના સમર્થનમા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ રાખેલ છે.

(૫) ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ છે.

**(અ) મૌખિક પુરાવોઃ–**

| ક્રમ | આંક | સાહેદની વિગ |
|---|---|---|
| (૧) | ૦૪ | ફરીયાદી અવની એમ.મકવાણાનુ  પુરાવા સ્વરુપનુ સોગંદનામુ. |

**(બ) દસ્તાવેજી પુરાવોઃ–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૧૧ | ૧/અ ફરીયાદી કંપનીનું કંપનીતરીકેની નોંધણીના પ્રમાણપત્રની નકલ.<br>૧/બ– ફરીયાદી કંપનીનું આર.બી.આઇ.નું એન. બી. એફ. સી. તરીકેની નોંધણીના પ્રમાણપત્રની નકલ.<br>૧/ક– ફરીયાદી કંપની એ ઓથોરાઇઝ પર્સન તરીકે લખી આપેલ અસલ ઓથોરીટી લેટર. |
| (૨) | ૧૨ | આરોપીએ લોન લેવા માટે કરેલ અરજી (કસ્ટમર કાર્ડ) |
| (૩) | ૧૩ | આરોપીએ લોન લેખી વખતે કરેલ એગ્રીમેન્ટ |
| (૪) | ૧૪ | મેન્ડેટ ફોમ ની નકલ |
| (૫) | ૧૫ | આરોપીના ખાતાનો ઉતારો |
| (૬) | ૧૬ | અસલ ઇ.સી.એસ.રીટર્ન મેમો– તા.૨૮–૦૧–૨૦૨૫ |
| (૭) | ૧૭ | નોટીસની ઓફીસ કોપી તા.૧૦–૦૨–૨૦૨૪ |
| (૮) | ૧૮ | રજી.એડી.કર્યાની પોસ્ટની પાવતી તા.૧૦–૦૨–૨૦૨૫ |
| (૯) | ૧૯ | ઓરીજનલ અસલ કવર/ઇન્ડીયન પોસ્ટનુ ઓનલાઇન ટ્રેક રીપોર્ટ તા.૧૪–૦૨–૨૦૨૫ |

(૬) ફરીયાદી તરફે વધુ કોઇ પુરાવો આ કામે રજુ થયેલ નથી.

(૭) આ કામે ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાના આધારે આ કામના આરોપીનુ સી.આર.પી.સી.કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોધવા પર કેસ રાખવામા આવેલ પરંતુ આરોપી હાજર ન થતા તેઓનુ નિવેદન નોધવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૮) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ફરીયાદ પક્ષ તરફે વિ.વ.શ્રીની દલીલ સાંભળી  અને ત્યારબાદ આરોપી કે આરોપીના વિ.વકીલશ્રી તરફે દલીલ કરવા કોઇ હાજર રહેલ ન હોય કે કોઇ મુદત રીપોર્ટ ન હોય આરોપીની દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૯) ફરીયાદ હકીકકત, રેકર્ડ ઉપર રજુ તમામ પુરાવા, કાયદાકીય જોગવાઇ ધ્યાને લેતા કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે.

**–:: મુદ્દાઓ :–**

(૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર રહીને એ હકીકત પુરવાર કરે છે કે, ફરીયાદી બેંક પાસે આરોપીએ લોનની માંગણી કરતા, ફરીયાદી બેંકે આરોપીને ધીરાણ આપેલ તે અંગેનુ નેશનલ ઓથોમેટેડ કલીયરીંગ હાઉસ ધ્વારા ચુકવવાનુ લોન એગ્રીમેન્ટમાં આરોપીએ લખીને આપેલ અને આરોપીના ખાતામાં દર મહીનેતે મુજબની રકમ રાખવાની હતી તે મુજબ આરોપીએ રકમ તેઓના ખાતામાં રાખેલ ના હોય, ફરીયાદીએ આરોપીને તે બાબતની નોટીસ આપેલી તેમ છતા આરોપીએ તે રકમ ભરપાઇ ન કરી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એકટ ૨૦૦૭ ની કલમ–૨૫ તથા ૨૬ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલછે. ?

(૨) શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદ્દાઓના જવાબ નીચે મુજબ છે.

(૧) **હકારમા.**

(૨) આખરી હુકમ મુજબ.

–: કારણો:–

મુદ્દા નં.૧:–

(૧૧) આ કામના આરોપીની સામે પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એકટ ૨૦૦૭ ની કલમ–૨૦૦૭ ની કલમ–૨૫ તથા ૨૬ મુજબનુ તહોમત છે. ઉપરોકત કાનુન જન્ય પ્રબંધો અને નામ.સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો લક્ષમાં રાખી, ફરીયાદ પક્ષના પુરાવાનું મુલ્યાંકન કરવુ જરુરી છે. આ કામે આરોપી ધ્વારા કોઇ જ પુરાવો રજુ થયેલ નથી.

(૧૨) આ કામે ફરીયાદીએ આંક–૦૪ થી ફરીયાદીએ સરતપાસ સોગંદનામું રજુ કરેલ છે જેમાં ફરીયાદીએ, ફરીયાદ હકીતને સંપૂર્ણ સમર્થનકારી

વિગતો જણાવેલ છે. જેથી પુરાવાનુ પુનરાવર્તન ટાળવા સારુ ફરી અહી ર્ચચા કરવામા આવેલ નથી.જયારે આરોપીપક્ષે ફરીયાદીની ઉલટ તપાસ કરવા માટે આરોપી કે તેઓના વિ.વકીલશ્રી હાજર ન હોય કે કોઈ મુદત રીપોર્ટ રજુ રાખેલ ન હોય આરોપી તરફે ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૧૩) હવે, સૌ પ્રથમ જોઇએ તો, આ કામના આરોપીને NEW VIHICLE લોન ની જરુરીયાત હોઈ ફરીયાદી કંપનીમાથી રુ.૬૨,૫૬૮/-ના ધીરાણ/નાણાકીય સુવિધાની માંગણી કરેલ હતી અને તે માટે આરોપીએ ફરીયાદી કંપનીને જુદી જુદી શરતો અને નિયમોને અનુસરવાની બાહેધરી રુપે લોન એગ્રીમેન્ટ તથા અન્ય જરુરી ડોકયુમેન્ટ સંપુર્ણ વાંચી,સમજીને સહીઓ કરી આપેલ જેથી ફરીયાદી કંપનીએ આરોપીની માંગણી મુજબ ધીરાણ/નાણાકીય સુવિધા પુરી પાડેલ છે જે ધીરાણ/નાણાકીય સુવિધાને ફરીયાદી કંપનીમા લોન એકાઉન્ટ નંબર ૫૭૬૬૧૩૨ થી મેઇન્ટેન કરવામાં આવેલ છે. ઉપરોકત ધીરાણ/નાણાકીય સુવિધાની શરતો અને નિયમો મુજબ આ કામના આરોપીએ ફરીયાદી કંપનીને ઉપરોકત ધીરાણ/નાણાકીય સુવિધા વ્યાજ સાથેના તથા બીજા અન્ય ખર્ચાઓ સાથે પુર્ણ કરવા સંમત થયેલા અને આરોપીએ લોન એકાઉન્ટની બાકી રહેતી રકમ/મહત્તમ રકમ ચુકતે કરવા માટે એન.એ.સી.એચ.નો વિકલ્પ પસંદ કરેલ અને તેના સંદર્ભમા આરોપીએ તા.૩૧-૦૧-૨૦૨૪ ના રોજ એક એન.એ.સી.એચ.નુ ફોર્મ ATIK JELUN SHEKH તરીકે સહી કરીને આપેલ જેમાં મહત્તમ રકમ રુ.૧,૦૦,૦૦૦/-દર્શાવવામા આવેલ છે તે મુજબ લોન/ધીરાણના વ્યવહારના સબંધમા આરોપીએ તેમનો બેન્ક એકાઉન્ટ નંબર ૩૧૯૨૫૮૪૨૫૪૦ ફરીયાદી કંપનીને આપેલ અને તે મુજબ સદર રકમ ફરીયાદી કંપનીના ખાતામાં જમા કરવાનું નકકી થયેલ. આમ, આરોપીએ ફરીયાદી કંપનીને આશ્વાસન આપેલ કે, તેઓ પોતાના ખાતામા પુરતુ ભંડોળ નીભાવશે અને સદરહુ

ઉપરોકત જણાવેલ લોનની ચુકવવાની રહેતી બાકી રકમ/મહત્તમ રકમ ફરીયાદી કંપનીના ખાતામા જમા કરવા માટેની સુચના આરોપીએ તેમની બેન્કને આપેલ હતી. આ કામના આરોપીએ લોનની કાયદેસરની રકમ રુ.૮૬,૫૫૬/- ફરીયાદી કંપનીને ચુકવવાની થતી હતી જે આરોપીની સુચનાથી નેશનલ ઓટોમેટેડ કલીયરીંગ હાઉસ (એન. એ. સી.એચ) મારફત તા.૨૮-૦૧-૨૦૨૫ ના રોજ સદર સીસ્ટમથી ફરીયાદી કંપનીના એચ.ડી.એફ.સી.ના એકાઉન્ટમાં જમાં કરાવતા તે તારીખ ૨૮-૦૧-૨૦૨૫ ના રોજ ''બેલેન્સ ઇનસફીશીયન્ટ'' ના શેરાથી પરત આવેલ જે બાબતની સુચના ફરીયાદી કંપનીને ટ્રાન્જેકશન નંબર-૩૮૪૮૧૯૭૭૮૯ થી તા.૨૮-૦૧-૨૦૨૫ ના રોજ એચ.ડી.એફ.સી.બેન્ક મારફત મળેલ છે.ઉપરોકત સીસ્ટમથી ફંડ ટ્રાન્સફર પરત આવતા ફરીયાદી કંપની એ નિયત સમય મર્યાદામા એક ડીમાન્ડ નોટીસ રજી.એડી.પોસ્ટ મારફતે તા.૧૦-૦૨-૨૦૨૫ ના રોજ આરોપીને ફરીયાદમા જણાવેલ સરનામા ઉપર આપેલી જે નોટીસ આરોપીના સરનામેથી તા.૧૪-૦૨-૨૦૨૫ ના રોજ UNSERVED, (ADDRESSEE CANNOT BE LOCATED) ના શેરાથી પરત આવેલ છે.આમ, આરોપીને સમય મર્યાદામાં નોટીસ મોકલી દીધેલ છે અને નોટીસનુ કવર પરત આવ્યા બાદ સમય મર્યાદામા ફરીયાદ દાખલ કરેલ છે. આમ, આરોપીએ ફરીયાદી કંપનીને કાયદેસરની લેણી નીકળતી લોનની બાકી રકમ/મહત્તમ રકમ પેટે ફરીયાદી કંપનીની તરફેણમા કરાવી આપેલ નેશનલ ઓટોમેટેડ કલીયરંગ હાઉસ (એન.એ.સી.એચ.) પરત કરાવડાવી ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટ-૨૦૦૭ ની કલમ-૨૫ મુજબનું ગુનાહીત કૃત્ય કરેલ છે.આમ, આરોપીને સમય મર્યાદામાં નોટીસ મોકલી દીધેલ છે અને નોટીસનુ કવર પરત આવ્યા બાદ સમય મર્યાદામા ફરીયાદ દાખલ કરેલ છે. આમ, આરોપીએ ફરીયાદી કંપનીને કાયદેસરની લેણી નીકળતી લોનની બાકી રકમ/મહત્તમ રકમ પેટે ફરીયાદી કંપનીની તરફેણમા કરાવી આપેલ નેશનલ ઓટોમેટેડ કલીયરંગ હાઉસ

(એન.એ.સી.એચ.) પરત કરાવડાવી ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટ–૨૦૦૭ ની કલમ–૨૫ મુજબનું ગુનાહીત કૃત્ય કરેલ છે.ફરીયાદ સમયમર્યાદામા દાખલ કરેલ છે. જેથી ફરીયાદ તળે દાદ માગેલ છે કે, (અ) આ કામના આરોપી સામે ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમઝ એકટ–૨૦૦૭ ની કલમ–૨૫ મુજબનો કેસ રજીસ્ટરે લઈ આરોપી સામે સમન્સ કાઢી આરોપીને પકડી મંગાવી આરોપી સામે કેસ ચલાવી, ગુનો સાબીત થયેથી યોગ્ય નસીયત કરવા તેમજ (બ) ઉપરોકત નેશનલ ઓટોમેટેડ કલીયરંગ હાઉસ(એન.એ.સી.એચ.)પરત આવવાથી ફરીયાદીને ઘણુંજ આર્થીક અને નાણાંકીય નુકશાન થયેલ છે. આ કામના આરોપીને ફરીયાદની નકલ બજેલ છે તેઓ હાજર થયેલા છે તેઓએ ગુનો કબુલ કરેલ નથી. ત્યારબાદ આરોપી ફરીયાદીની ઉલટ તપાસ કે ફરીયાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાનુ ખંડન કરવા માટે હાજર થયેલા નથી. આ કામે એ હકીકત નીંવીવાદીત છે કે, આ કામના ફરીયાદી અને આરોપી વચ્ચે કોઈ દુશ્મનાવટ નથી કે જેના કારણે ફરીયાદીને આરોપીનુ ખોટુ ખાતુ ખોલવાવવા કોઈ કારણ હોય શકે તેમજ જે વિવાદીત ચેક ને આરોપીએ પડકારેલ નથી. આ કામના ફરીયાદી ધ્વારા આરોપીએ નિયમ મુજબના નીયમીત હપ્તાઓ ન ભરતા આરોપીને લીગલ નોટીસ પણ આપેલી છે જે નોટીસ આરોપીને બજી ગયેલ છે તેમ છતા આરોપીએ ફરીયાદીની બાકી રહેતી રકમ ચુકવેલ નથી. આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી લોન લીધેલ છે અને ફરીયાદી બેકમા તેમનુ કાયદેસરનુ ખાતુ ખોલાવેલ છે. આ કામે આંક–૧૧ થી આંક–૧૯ સુધીના જે દસ્તાવેજી પુરાવાઓ ફરીયાદી તરફે રજુ થયેલા છે તેને આ કામે આરોપી ધ્વારા પડકારવામાં આવેલા નથી. આ કામના આરોપી હાજર થયા બાદ પ્લી નોંધાયા બાદ ફરી હાજર થયા નથી, ફરીયાદીની ઉલટ તપાસ કરેલ નથી કે વિશેષ નીવેદન વખતે કે આ કેસની અંતિમ દલીલ વખતે પણ હાજર થયા નથી એટલે કે આ કામના આરોપીએ આ કેસ સંદર્ભે કોઈ જ ગંભીર દરકાર લીધેલ નથી જે વર્તણુક આરોપીની યોગ્ય નથી. આમ, આ કામના ફરીયાદીએ આંક–

૧ ની ફરીયાદ હકીકતને અદાલત સમક્ષ સંપુર્ણપણે પુરવાર કરેલ છે જે હકીકતો નહિ માનવા અદાલત સમક્ષ કોઇ યોગ્ય કારણ રેકર્ડ પરથી જણાઇ આવતુ નથી.

આમ, ઉપરોકત હકીકતે રજુ થયેલ લેખીત અને મૌખિક પુરાવો ધ્યાને લેતા, આ કામના આરોપીએ આંક–૧ ની ફરીયાદમા જણાવ્યા મુજબનો ગુનો કરેલ હોવાનુ ફરીયાદપક્ષ સાબીત કરતા હોય આથી મુદ્દા નં.૧ નો જવાબ**''હકાર''** મા આપવામાં આવે છે અને મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-: આખરી હુકમ :-**

(૧) આ કામના આરોપી **ATIK JELUN SHEKH,NESADI MOHALLA 29; JAFRABAD,AMERELI,JAFRABAD** વાળાને ફોજદારી કાર્યરીતી સંહીતા-૧૯૭૩ ની કલમ-૨૫૫(૨) ની જોગવાઇ મુજબ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમઝ એકટ-૨૦૦૭ ની કલમ-૨૫ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને છ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિ.પ્રો.કોડની કલમ-૧૯૭૩ ની કલમ-૩૫૭ (૩) ની જોગવાઇ અન્વયે આરોપીએ ફરીયાદીને દોઢી રકમ એટલે કે કુલ રૂ.૧,૨૯,૮૩૪/-(અંકે એક લાખ ઓગણત્રીશહજાર આઠસો ચોત્રીસ રુપીયા ) પુરા વળતર પેટે આ હુકમની તારીખથી બે માસ મા ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે, જો આરોપી વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો આરોપીએ વધુ ત્રણ માસની સાદી કેદ ભોગવવાની રહેશે.

(૩) વધુમાં,આજરોજ આ ચુકાદો આરોપીની ગેરહાજરીમાં આપવામાં આવતો હોય ત્યારે ફોજદારી કાર્યરીતી સંહીતા કલમ-૪૧૮(૨)અન્વયે આરોપી

વિરુધ્ધ સજાની અમલવારી માટે કલમ-૭૦ અન્વયે બિનજામીનપાત્ર વોરંટ ઇસ્યુ કરવુ.

હુકમ આજરોજ તા.-૩૦ માહે,જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી,સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:ભાવનગર.

તા:૩૦/૦૬/૨૦૨૬

**(આર.એમ.શેખ)**
**છઠ્ઠા એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,**
**ભાવનગર.**
**GJ01474**

Mukhtar